GJAH221063782019

| | | | |
|---|---|---|---|
| આવ્યા તારીખ | ૨૨ | ૧૦ | ૨૦૧૯ |
| દાખલ તારીખ | ૨૨ | ૧૦ | ૨૦૧૯ |
| ફેસલ તારીખ | ૦૧ | ૧૦ | ૨૦૨૫ |
| સમયગાળો | **દિવસ** | **માસ** | **વર્ષ** |
| | ૦૯ | ૧૧ | ૦૫ |

**અમદાવાદના મહે.૨૦ માં, એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કે.બી.વાઘેલાશ્રીની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટ સમક્ષ (કોર્ટ નં.૩૦)**

**ક્રિમીનલ કેસ નં.૯૭૦૧૧/૨૦૧૯**

**આંક–૩૭**

**ફરિયાદી** :– મહાલક્ષ્મી એન્જીનીરીંગ વર્કસના પ્રોપરાઈટર
નરેન્દ્રભાઈ રાઘવજીભાઈ પટેલ,
ઉ.વ.પુખ્ત વયના, ધંધો–વેપાર,
હે.શ્યામલાલ ખોખાવાલા, કોઠાવાલા બિલ્ડીંગ,
મહેંદીકુવા ચાર રસ્તા, શાહપુર, અમદાવાદ.

**ફરિયાદપક્ષ તરફે** :– વિ.વ.શ્રી એન.જે.ગોહિલ

**વિરૂધ્ધ**

**આરોપી** :– (૧). વૃક્ષસ રજનીકાંત પંચોલી એચ.યુ.એફ.ના કર્તા
વી.આર.પંચોલી, ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર,
હે.–ઈ/૩૦૨,શાલીગ્રામ ફ્લોરા, સંગીની બંગ્લોઝ પાસે,
થલતેજ,અમદાવાદ.
(૨). વૃક્ષસ રજનીકાંત પંચોલી,
ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર
હે.પલ કાર સ્પા, હિન્દુ સુપર માર્કેટની સામે,
થલતેજ રોડ, અમદાવાદ.

**આરોપીપક્ષ તરફે** :– વિ.વ.શ્રી ડી.એચ.શાહ

**ગુનો :- ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.**

| | | |
|---|---|---|
| ગુન્હાની તારીખ | :- | ૨૨/૧૦/૨૦૧૯ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | :- | – |
| આખરી અહેવાલ / ફરિયાદ રજુ થયા તારીખ | :- | ૨૨/૧૦/૨૦૧૯ |
| પ્લી લીધા તારીખ | :- | ૨૦/૧૨/૨૦૨૪ |
| પુરાવા શરૂ કર્યા તારીખ | :- | ૨૭/૦૨/૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | :- | ૨૫/૦૯/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | :- | ૦૧/૧૦/૨૦૨૫ |
| આખરી હુકમ | :- | આરોપીને તકસીરવાન ઠરાવેલ છે. |

**:: આરોપીની વિગતો ::**

| | |
|---|---|
| આરોપી નંબર | – |
| આરોપીનું નામ | વૃક્ષસ રજનીકાંત પંચોલી |
| ધરપકડની તારીખ | – |
| જામીન મુકત કર્યાની તારીખ | – |
| આક્ષેપાયેલ ગુનાની વિગત | ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ |
| શું નિર્દોષ છોડયા / સજા કરી | સજા કરી |
| આપવામાં આવેલ સજા | ૧ વર્ષ |
| ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહીના સમયગાળા દરમ્યાન કરેલ અટકાયતનો સમયગાળો | – |

**સાક્ષીઓનો પુરાવો :–**

**(અ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવો:–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | ફરિયાદી મહાલક્ષ્મી એન્જીનીરીંગ વર્કસના પ્રોપરાઈટર નરેન્દ્રભાઈ રાઘવજીભાઈ પટેલની સોગંદ ઉપરની જુબાની | ફરીયાદી | ૦૩ |

**(બ) આરોપીપક્ષ તરફે મૌખિક પુરાવો:– (જો હોય તો)**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | – | – | – |

**(ક) અદાલતના સાક્ષી, જો હોય તો:–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**ફરિયાદપક્ષ / બચાવપક્ષ / અદાલતના દસ્તાવેજોના આંકની યાદી :–**

**(અ) ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો:–**

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીની પેઢીનું ગુમાસ્તાધારાનું પ્રમાણપત્ર | ૦૮ |
| ૨ | ફરીયાદીના ત્યાં નિભાવામાં આવતું આરોપીનું લેજર | ૦૯ |
| ૩ | ફરીયાદવાળા તકરારી ત્રણેય ચેકો અસલ | ૧૦,૧૨,૧૪ |
| ૪ | ફરીયાદવાળા તકરારી ચેકોના રીટર્નમેમો | ૧૧,૧૩,૧૫ |
| ૫ | રજી.એડી.કર્યાની પહોંચ | ૧૬,૧૭,૨૦,૨૧,૨૩,૨૪ |
| ૬ | ડિમાન્ડ નોટિસની ઓફિસકોપી | ૧૮,૧૯,૨૨ |
| ૭ | રજી.એડી.બજી ગયાની પોસ્ટની એકનોલેજમેન્ટ | ૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦ |
| ૮ | ફરીયાદીનું આઈ.ટી.રીટર્ન(વર્ષ:૨૦૧૮–૧૯) | ૩૪ |

| | | |
|---|---|---|
| ૯ | ફરીયાદીનું આઈ.ટી.રીટર્ન(વર્ષ:૨૦૧૯-૨૦) | ૩૫ |

**(બ) આરોપીપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો:-**

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| | | |

**(ક) અદાલતના સાક્ષી, જો હોય તો:-**

| ક્રમ | નામ | પ્રુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

**(ડ) સામગ્રીની વસ્તુઓ:-**

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| - | - | - |

**-: ચુકાદો :-**

---

(૧) ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી મહાલક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસના નામે ટુલ્સ ટ્રોલી બનાવવાનો ધંધો કરે છે.આ કામના આરોપી ફરીયાદીને ટુલ્સ ટ્રોલી બનાવવાનો અવાર-નવાર ઓર્ડર આપતા હતા આને ફરીયાદી તે મુજબનો માલ બનાવી મોકલતા હતા. આરોપી ધ્વારા ખરીદેલ માલની રકમ આરોપી સગવડે ચુકવણી કરતા હતા. તે રીતે પક્ષકારો વચ્ચે વેપારી સબંધો સ્થપાયેલાઅને ફરીયાદીના ત્યાં આરોપીનું ખાતું ચાલતું હતું. ફરીયાદી પાસેથી ખરીદેલ માલના નાણાં પેટે આરોપીએ નીચે મુજબના ચેકો સ્વીકારાઈ જવાના ભરોસા સાથે આપેલ.

| ક્રમ | ચેક નંબર | તારીખ | રકમ રૂા. | બેંકનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૫૦૫૯૬૨ | ૨૫/૦૫/૧૯ | ૧,૦૦,૦૦૦/- | સ્ટેટ બેંક થલતેજ શાખા |
| ૨ | ૫૦૫૯૬૩ | ૧૧/૦૬/૧૯ | ૧,૦૦,૦૦૦/- | |
| ૩ | ૦૦૦૩૩૦ | ૨૫/૦૭/૧૯ | ૧,૦૦,૦૦૦/- | આઈ.સી.આઈ.સી. આઈ. બેંક , થલતેજ-શીલજ રોડ શાખા |

ત્યારબાદ ઉપરોકત ત્રણેય ચેકો ફરીયાદીએ એચ.ડી.એફ.સી.બેંક,આશ્રમ

રોડ શાખા,અમદાવાદમાં તા.૨૧–૦૮–૧૯ ના રોજ જમા કરાવતાં ત્રણેય ચેકો ''ફંડસ ઈનસફીશીયન્ટ''ના કારણે તા.૨૨–૦૮–૧૯ ના રોજ વણચુકવાયે પરત ફરેલ. જે અંગે આરોપીને જાણ કરવા છતાં યોગ્ય જવાબ આપેલ નહીં. જેથી ફરીયાદીએ વકીલશ્રી મારફતે આ કામના આરોપીને કાયદેસરની નોટિસ તા.૧૧–૦૯–૧૯ ના રોજ રજી.પો.એડી.થી મોકલાવેલ. જે નોટિસ બજવા છતાં આરોપીએ તેનો અમલ કરેલ નહિં કે પરત ફરેલા ચેકોના નાણાં ચુકવી આપવા કોઈ તજવીજ કરેલ નહી.

આમ, આરોપીએ પરત ફરેલા ચેકનાં કાયદેસરનાં લેણી નાણાં સમયમર્યાદામાં ન ચુકવી આપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧(**કે જેને સરળતા ખાતર હવે પછી આ ચૂકાદામાં ''એકટ'' તરીકે સંબોધવામાં આવશે**)ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ આ કામના ફરિયાદીએ કરેલી છે અને આરોપીને સજા કરવા અરજ કરેલ છે.

**કોર્ટ કાર્યવાહી :–**

(૨) સદર કામે આરોપી વિરુધ્ધ ગુનાનું સંજ્ઞાન લીધા બાદ સદર કેસના કામે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ અને આરોપીને સમન્સની બજવણી થતા સદર અદાલત સમક્ષ હાજર થતાં મારા પૂરોગામી વિ.એડી.ચીફ મેટ્રો પોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓએ આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્યે ફરીયાદના કાગળોની નકલ વિના મુલ્યે પુરી પાડેલ. ત્યારબાદ ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૧ મુજબ આરોપીની પ્લી **આંક–૦૭** થી નોંધવામા આવેલ સબબ, આરોપીએ આક્ષેપયુકત ગુનાનો ઈન્કાર કરતાં આરોપી વિરૂધ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

વધુમાં, બચાવપક્ષને મૌખિક તેમજ લેખિત પુરાવો રજુ કરવાની વ્યાજબી અને પુરતી તક મળી રહે અને હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ પધ્ધતિથી ચલાવવાનું

વાજબી અને યોગ્ય જણાતાં મારા પૂરોગામી વિ.એડી.ચીફ મેટ્રો.મેજી. સાહેબશ્રીનાઓ ધ્વારા હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ પધ્ધતિથી ચલાવવાનો હુકમ આંક–૦૧ લગત કરવામાં આવેલ છે.

આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ કરેલ લેખિત/મૌખિક પુરાવાઓ આગળ પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. તે સિવાય વધુ કોઈ લેખિત/મૌખિક પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ નથી. તેમજ વધુ કોઈ પુરાવા રજુ કરવા માંગતા ન હોવાનું કલોઝીંગ પુરસીસથી જાહેર કરવામાં આવેલ છે.

**આરોપીનો બચાવ તથા વિશેષ નિવેદન:–**

(૩). ત્યારબાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ હેઠળનું વિશેષ નિવેદન નોંધાવમાં આવેલ છે જેમાં તેઓએ પોતાની સામેના આક્ષેપોનો ઈન્કાર કરેલ છે. તેમજ વિશેષમાં એવું જણાવેલ છે કે, '' **અમે આ રકમનો માલ પરત કરેલ. તેની રીસીપ્ટ અમોને આપી હતી. ખોટી રકમનો ચેક ભરેલ છે.**'' તેમજ આરોપીએ લેખિતમાં અલગથી વિશેષ નિવેદન રજુ રાખેલ છે. આરોપીપક્ષે પોતાના બચાવમાં કોઈ લેખિત –મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

**પક્ષકારો તરફેની દલીલો :–**

(૪) આ કામે બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. બંને પક્ષકારોની દલીલો આગળ ઉપર પુરાવાના પૃથ્થકરણમાં વણી લેવામાં આવેલ છે.

**આરોપી વિરૂધ્ધનું તહોમત/મુદ્દાઓ :–**

(૫) ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવાના પરીપ્રેક્ષ્યમાં સદર કેસનો ન્યાયીક અંત આણવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પર પુરવાર કરે છે કે, આ કામના આરોપી

પાસેથી લેણી નીકળતી રકમની ઉઘરાણી કરતા, આરોપીએ સહી કરી લખી આપેલ ફરીયાદવાળો ચેક ફરીયાદીએ બેંકમાં જમા કરાવતા અણચુકવાયેલ પરત ફરતા ફરીયાદીએ આરોપીને વિ. એડવોકેટ મારફતે એકટની કલમ–૧૩૮(બી) મુજબની નોટીસ સમય મર્યાદામાં આપેલ. આમ, નોટીસ મોકલાવેલ હોવા છતાં આરોપીએ ચેકની કાયદેસરની લેણી રકમ ફરીયાદીને ન ચુકવી આપી, આ કામના આરોપીએ એકટ–૧૮૮૧ની કલમ –૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

## // નિર્ણય માટેના કારણો //

**મુદ્દા નં.૧ :–**

**(૭).** આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે આ કામે ફરીયાદીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ના આવશ્યક તત્વો સાબિત કરવાના રહે છે. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીના શિરે રહેલી છે.

૧. આરોપીએ પોતાના ધ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચૂકવવા ફરીયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: દેવું અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકને નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપૂરતા ભંડોળને કારણે પરત થયેલો.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર(આરોપી)ને મોકલેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં ૧૫ દિવસની સમયમર્યાદામાં ચૂકવી આપેલા નથી.

(૭.૧). આ કામે રેકર્ડ ઉપર રજુ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં અગાઉ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ અન્વયે અદાલતે કેટલાક અનુમાનો કરવાના હોય છે. જો એકવાર એવું પુરવાર થાય કે આરોપીએ ફરીયાદીને ચેક આપેલ હતો તો તે અનુસંધાને અદાલતે કેટલાક અનુમાન કરવાના રહે છે. જોકે આ અનુમાનો નિર્ણાયક પુરાવો નથી પરંતુ તેવા અનુમાનો યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાથી ખંડન કરી શકાય. વધુમાં સદર કાયદાકીય અનુમાનોનું ખંડન કરવા આરોપીએ સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ એવો કાયદાનો કોઈ નિયમ નથી પરંતુ સંભવિતતાનાં પ્રાબલ્ય (પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટી)થકી તેમજ ફરીયાદીની ઉલટ તપાસ તેમજ રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી અનુમાનોનું ખંડન કરી શકે છે.

(૭.૨).આ તબકકે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે.

118.**Presumptions as to negotiable instruments.** Until the contrary is proved, the following presumptions shall be made:

(a) **of consideration.** that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) **as to date.**that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance.**that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer.**that every transfer of a negotiable instrument was made before its maturity; (e) **as to order of indorsements.** that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamp.**that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course.**that the holder of a negotiable instrument is a holder in due course: Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the

holder is a holder in due course lies upon him.

**139. Presumption in favour of holder.** It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

(૮) આ કામે ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં ફરીયાદી ફરીયાદ હકીકતને વળગી રહેલ છે. ફરીયાદની હકીકતનું ઉપરોકત વર્ણન કરવામાં આવેલ હોય, અત્રે સદર હકીકતોને ફરીથી દોહરાવવામાં આવેલ નથી. હાલના કેસમાં રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદવાળા અસલ ચેકો, અસલ રીટર્ન મેમો તથા ડિમાન્ડ નોટિસની સ્થળપ્રત રજુ કરેલ છે. ફરીયાદવાળા ચેક સમયમર્યાદામાં રજૂ થયેલ છે તેમજ સદર ચેક વણચુકવાયે પરત ફરેલ છે. જેની એકટની કલમ–૧૩૮(બી) મુજબની સ્ટેચ્યુટરી નોટિસ ફરીયાદીએ પોતાના વિ.વકીલશ્રી મારફતે આરોપીના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એડીથી સમય મર્યાદામાં મોકલાવેલ છે. જે નોટિસ આરોપીને બજી ગયેલ. આમ,સ્ટેચ્યુટરી પિરિયડ દિન–૧૫ પૂર્ણ થયેલ હોવા છતાં, આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ ન હોય હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. હાલની ફરીયાદમાં એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ તથા ૧૪૨ અન્વયે સ્ટેચ્યુટરી જોગવાઈઓનું પાલન થયેલ છે. તેમજ સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે.

તકરારી ચેક આરોપીએ આપેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે તથા તકરારી ચેક આરોપીના ખાતાના હોવાની અને ચેકમાં આરોપીની સહી હોવાની હકીકત સ્વીકૃત હકીકત છે. જેથી, ફરીયાદીએ "Execution of Cheque" પુરવાર કરેલ છે. જેથી, એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ હેઠળનું પ્રિ

ઝમ્પ્શન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે.

હવે એ નકકી કરવાનું રહે છે કે, આ કામના આરોપી એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ હેઠળના ફરીયાદીની તરફેણનાં અનુમાનોનું ખંડન કરવામાં સફળ રહેલ છે કે કેમ ?

એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ હેઠળના સ્ટેચ્યુટરી પ્રિઝમ્પ્શનનું ખંડન આરોપી કઈ અને કેટલી રીતે કરી શકે તે બાબતે નીચે મુજબની કાયદાકીય પરિસ્થિતિને ઘ્યાને લેવી અગત્યની છે.

આ તબકકે નામ.સુપ્રિમ કોર્ટનાં Kumar Exports Vs Sharma Carpets,2008(0)AIJEL-SC 42685 ના ચુકાદાના પેરા–૧૧ ને અત્રે ઘ્યાને લેવો અગત્યનો છે.

> **11.** The use of the phrase "until the contrary is proved" in Section 118 of the Act and use of the words "unless the contrary is proved" in Section 139 of the Act read with definitions of "may presume" and "shall presume" as given in Section 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct

evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. **To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant.** The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once such rebuttal evidence is adduced. and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential

burden shifts back to the complainant and, thereafter, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue.

ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિને ધ્યાને લેતાં, સામાન્ય વ્યકિત માનવાને પ્રેરાય તેવો ''પ્રોબેબલ ડિફેન્સ'' આરોપી રેકર્ડ ઉપર રજુ પુરાવા થકી એટલે કે ''સંભવિતતાના પ્રાબલ્ય'' થકી અથવા તો પુરાવો રજુ કરી એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ હેઠળનાં અનુમાનોનું ખંડન કરી શકે છે.

(૯) આ કામે આરોપીપક્ષે દલીલોમાં વિવિધ બચાવો લેવામાં આવેલ છે જેની ચર્ચા અને મુલ્યાંકન નીચે મુજબ છે.

**(૯.૧).** આ કામે આરોપીપક્ષે સૌપ્રથમ મહત્વનો એવો બચાવ લીધેલ છે કે, '' **ફરીયાદી ધ્વરા પોતાની ફરીયાદમાં આરોપીને કયારે અને કેટલો માલ, કેટલી રકમનો પુરો પાડેલો તેની કોઈ જ હકીકત જણાવેલ નથી કે આવો માલ આરોપીને અપવામાં આવેલ હોવા અંગે બીલો કે ડીલીવરી ચલણો અ કામે રજુ કરવામાં આવેલ નથી. જેથી ફરીયાદ હકીકત પુરવાર થતી નથી.** ''

આરોપીપક્ષે લેવામાં આવેલ ઉપરોકત બચાવ સંદર્ભે મૂલ્યાંકન કરતાં સૌપ્રથમ તો ફરીયાદીએ પોતાની આંક–૧ વાળી ફરીયાદ અને સરતપાસના સોગંદનામામાં મુળભૂત એવી હકીકત જણાવેલ છે કે, આ કામના આરોપી ફરીયાદીને ટુલ્સ ટ્રોલી બનાવવાનો અવાર–નવાર ઓર્ડર આપતા હતા અને ફરીયાદી તે મુજબનો માલ બનાવી મોકલતા હતા. આરોપી ધ્વારા ખરીદેલ માલની રકમ આરોપી સગવડે ચુકવણી કરતા હતા. તે રીતે પક્ષકારો વચ્ચે વેપારી સબંધો સ્થપાયેલાઅને ફરીયાદીના ત્યાં આરોપીનું ખાતું ચાલતું હતું. ફરીયાદી પાસેથી ખરીદેલ માલના નાણાં પેટે આરોપીએ ફરીયાદવાળા તકરારી ચેકો આપેલ અને તે ચેકો વણચુકવાયે પરત ફરેલ છે. આમ, ફરીયાદી ધ્વારા પોતાની ફરીયાદમાં કયાંય આરોપીને કેટલો માલ, કયા બીલથી

અને કયારે આપેલો તે હકીકતો જણાવવામાં આવેલ નથી તે બાબત સ્વયં સ્પષ્ટ છે. પરંતુ આ કામે રેકર્ડ ઉપરની હકીકતો ઘ્યાને લેતાં હાલના આરોપી ધ્વારા ફરીયાદી સાથે કોઈ વેપારી ધોરણે વ્યવહાર જ કયારેય થયેલ નથી તેવી તકરાર રહેલ નથી. તેથી ઉલ્ટું ખુદ આરોપીએ લીધેલ વિવિધ બચાવોને ઘ્યાને લેતાં હાલના આરોપી અને ફરીયાદી વચ્ચે વેપારી ધોરણે માલના ખરીદ–વેચાણનો વ્યવહાર હોવાની હકીકત સ્પષ્ટ થઈ આવેલ છે. તેમજ આરોપી ધ્વારા એવો પણ બચાવ ઉપસ્થિત કરવા પ્રયત્ન કરેલ છે કે ફરીયાદીને માલ પરત કરેલ હતો અને તેની રીસીપ્ટ પણ આપવામાં આવેલ હતી. આમ, હાલના આરોપી ધ્વારા પરસ્પર વિરોધાભાસી બચાવ લેવાનો પ્રયત્ન કરી રહેલા છે. આરોપી એકતરફ ફરીયાદીએ માલ આપ્યા અંગેના પુરાવા રજુ કરેલ ન હોવાની તકરાર લીધેલ છે જયારે બીજી તરફ આરોપીએ માલ પરત કરેલ હોવાની તકરાર લીધેલ છે. અલબત જો આરોપીના કથનો મુજબ આવો માલ પરત કરવામાં આવેલ હોય અને તે અંગેની રીસીપ્ટ મેળવવામાં આવેલ હોય તો, તેવો પણ કોઈ પુરાવો આ કામે રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ નથી. જો આરોપી ઈચ્છતા તો આવી પહોંચ કે રીસીપ્ટ રેકર્ડ ઉપર રજુ કરીને પોતાના બચાવને સમર્થન આપી શકયા હોત પરં તુ તેવી કોઈ કાર્યવાહી બચાવપક્ષે કરવામાં આવેલ નથી અને તેવો મહત્વનો પુરાવો રજુ ન કરવા સબબ કોઈ વ્યાજબી ખુલાસો પણ રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, આ કામે ફરીયાદપક્ષે પોતાની ફરીયાદ હકીકતના સમર્થનમાં આંક–૯ થી ફરીયાદીના ત્યાં નિભાવવામાં આવતું આરોપીનું લેજર રજુ કરવામાં આવેલ છે. સદરહું લેજરને ઘ્યાને લેતાં તેમાં તારીખ, સેલ્સ, વાઉચર નંબર, જમા–ઉધાર વિગેરેની સ્પષ્ટપણે એન્ટ્રી જણાઈ આવે છે. તેમજ ફરીયાદવાળા તકરારી ચેકની રકમનો સમાવેશ થઈ જાય તેટલી કાયદેસરની લેણી રકમ બાકી હોવાનું પણ સ્પષ્ટપણે દર્શાવવામાં આવેલ છે. આં

ક–૯ વાળા લેજરને બચાવપક્ષ તરફે પડકારવામાં આવેલ નથી કે સદરહું લેજર ખોટું,બનાવટી કે ઉપજાવી કાઢવામાં આવેલ હોવાની કોઈ હકીકત રેકર્ડ ઉપર રજુ કરી શકેલા નથી. વધુમાં ફરીયાદી ધ્વારા આંક–૩૪,૩૫ થી પોતાના ઈન્કમટેક્ષ રીટર્ન પણ રજુ કરવામાં આવેલ છે જે ઘ્યાને લેતાં ફરીયાદીના કાયદેસરના આર્થિક વ્યવહારને સમર્થન મળી રહે છે. આમ, ફરીયાદીએ આરોપી સાથેના જે ધંધાકીય વ્યવહાર અન્વયેની લેણી રકમ ફરીયાદમાં દર્શાવેલ છે તેને સમર્થનકારી લેજર રજુ કરવામાં આવેલ છે. તે સંજોગોમાં જો આરોપી ઈચ્છતા તો પોતાના ધંધાકીય હિસાબ, આવક–જાવક વિગેરેના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરીને ફરીયાદીની ફરીયાદ હકીકતને પડકારી શકયા હોત પરંતુ આરોપીપક્ષે પોતાના બચાવમાં લેશમાત્ર પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેથી વિશેષ, ખુદ આરોપી ધ્વારા પોતાના વિશેષ નિવેદનમાં પુછવામાં આવેલ સવાલોના જવાબમાં હાલના ફરીયાદી સાથે ધંધાકીય વ્યવહાર હોવાની સ્વીકારવામાં આવેલ છે તેમજ ફરીયાદીના ત્યાં ખાતું રખાવી હાલના આરોપી ઉધારમાં માલ ખરીદતા હોવાની હકીકતનો પણ સ્વીકાર કરેલ છે. જે તમામ હકીકતોને નજર સમક્ષ લેતાં પણ આરોપીનો ઉપરોકત બચાવ ટકવાપાત્ર બનતો નથી.

(૯.૨) વધુમાં, આરોપીપક્ષે એવો બચાવ લેવામાં આવેલ છે કે, '' **ફરીયાદી ધ્વારા ડિમાન્ડ નોટિસની બજવણી થયેલ હોવાનું પુરવાર કરેલ નથી. ફરીયાદીએ આપેલ નોટિસની આરોપીને બજવણી થયેલ નથી. જેથી હાલની ફરીયાદ જ ટકવાપાત્ર બનતી નથી.** ''

આરોપીપક્ષે લેવામાં આવેલ ઉપરોકત બચાવને ઘ્યાને લેતાં, સૌપ્ર થમ તો ફરીયાદવાળા તકરારી ચેકો વણચુકવાયે પરત ફર્યા બાદ ફરીયાદી ધ્વારા એકટની કલમ–૧૩૮(બી) મુજબની કાયદેસરની સ્ટેચ્યુટરી નોટિસો

આરોપીને આપવામાં આવેલ છે. સદરહું નોટિસો આંક–૧૮,૧૯,૨૨ થી રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ છે. તેમજ સદરહું નોટિસો રજી.એડી.કર્યાની પહોંચો આંક–૧૬,૧૭,૨૦,૨૧,૨૩,૨૪ થી રજુ કરવામાં આવેલ છે. તેમજ રજી.એડી.વાળા સરનામે બજી ગયાની પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટો આંક–૨૫ થી ૩૦ સુધીની રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ છે. ફરીયાદી ધ્વારા પોતાની ફરીયાદમાં આરોપીનું જે સરનામું દર્શાવેલ છે તે જ સરનામે રજી.એડી.થી મોકલવામાં આવેલ છે. તેમજ આંક–૦૭ થી આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે તેમાં પણ આરોપીએ પોતાનું સરનામું તે મુજબનું જ દર્શાવેલ છે. આમ, ઉપરોકત બચાવ સંદર્ભે એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮(બી) ની જોગવાઈઓ તથા વખતો વખત નામ.ઉચ્ચ અદાલતોએ પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લેતાં એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮(બી) અન્વયે ફરીયાદપક્ષની ફરજ માત્ર એટલી રહે છે કે તેઓએ આરોપીના સાચા અને ખરા સરનામે નોટીસ ઈસ્યુ કરવી. જો ફરીયાદી ધ્વારા તેમ કરવામાં આવે તો એકટ ૧૮૮૧ ની કલમ:૧૩૮(બી) અન્વયેની પ્રાથમિક જરૂરીયાત સંતોષાય છે. આવી નોટીસ આરોપીને બજેલ નથી અથવા તો નોટીસ જે સરનામે ઈસ્યુ કરવામાં આવેલ છે તે સરનામું આરોપીનું સાચું અને ખરું સરનામું નથી અથવા તે સરનામે આરોપી રહેતા જ નથી તેવી વિરૂધ્ધની હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપીના શિરે રહે છે. હાલના પ્રસ્તુત કેસમાં આરોપીપક્ષે માત્ર નોટીસની બજવણી થયેલ ન હોવાનો બચાવ લીધેલ છે પરંતુ નોટીસમાં જણાવેલ સરનામું હાલના આરોપીઓનું પોતાનું સાચું અને ખરું સરનામું નથી અથવા તો તે સરનામે તેઓ રહેતા જ નથી તેવો કોઈ સ્પષ્ટ બચાવ આરોપીપક્ષે લેવામાં આવેલ નથી. આ હકીકતનો નિર્ણય કરવા માટે હાલના તબકકે **નામ.સુપ્રીમ કોર્ટનો** ***" C. C. Alavi Haji V/S Palapetty Muhammed & Anr "* Appeal (Crl.) 767 of 2007 date of decision 18/05/2007, Bench :-**

***Honourable CJI K. G. Balakrishanan, R. V. Raveendran & D. K. Jain*** નો ચુકાદો અને તેમાં પ્રસ્થાપિત કરેલ હાલની જોગવાઈ અન્વયેના કાયદાકીય સિધ્ધાંતને રેફરન્સ તરીકે લેવા ન્યાયોચિત જણાઈ આવે છે જે સંદર્ભે નામ.સુપ્રીમ કોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(10). It is, thus, trite to say that ***where the payee dispatches the notice by registered post with correct address of the drawer of the cheque, the principle incorporated in Section 27 of the G.C. Act would be attracted***; ***the requirement of Clause (b) of proviso to Section 138 of the Act stands complied with*** ***and cause of action to file a complaint arises on the expiry of the period prescribed in Clause (c) of the said proviso for payment by the drawer of the cheque***. **Nevertheless, it would be without prejudice to the right of the drawer to show that he had no knowledge that the notice was brought to his address.**

**(17) It is also to be borne in mind that the requirement of giving of notice is a clear departure from the rule of Criminal Law**, where there is no stipulation of giving of a notice before filing a complaint. ***Any drawer who claims that he did not receive the notice sent by post, can, within 15 days of receipt of summons from the court in respect of the complaint under Section 138 of the Act, make payment of the cheque amount and submit to the Court that he had made payment within 15 days of receipt of summons (by receiving a copy of complaint with the summons) and, therefore, the complaint is liable to be rejected. A person who does not pay within 15 days of receipt of the summons from the Court along with the copy of***

***<u>the complaint under Section 138 of the Act, cannot obviously contend that there was no proper service of notice as required under Section 138, by ignoring statutory presumption to the contrary under Section 27 of the G.C. Act and Section 114 of the Evidence Act.</u>*** ***In our view, any other interpretation of the proviso would defeat the very object of the legislation.*** As observed in Bhaskarans case (supra), if the giving of notice in the context of Clause (b) of the proviso was the same as the receipt of notice a trickster cheque drawer would get the premium to avoid receiving the notice by adopting different strategies and escape from legal consequences of Section 138 of the Act.

આમ, ઉપરોકત નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો અને તેમાં એકટ ૧ ૮૮૧ ની કલમ:૧૩૮(બી)સંદર્ભે પ્રસ્થાપિત કરેલ કાયદાનો સિધ્ધાંત ઘ્યાને લેતાં તે હકીકત સ્પષ્ટ છે કે, હાલની જોગવાઈ અન્વયે ફરીયાદીએ આરોપીના સાચા અને ખરા સરનામે સમયમર્યાદામાં રજી.પો.એડી.થી નોટીસ ઈસ્યુ કરવી માત્ર તેટલી જ ફરજ બની રહે છે. જો એક વખત ફરીયાદી આ રીતે પોતાની ફરજ અદા કરવામાં સફળ રહે તો તેથી વિરૂઘ્ધની હકીકત સાબિત કરવાની જવાબદારી આરોપીના શિરે આવે છે. તે સાથે નામ.સુપ્રીમ કોર્ટે તેવું પણ સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત કરેલ છે કે, જો ફરીયાદી આરોપીના સાચા અને ખરા સરનામે કાનુની નોટીસ મોકલે તો જનરલ કલોઝીસ એકટની કલમ:૨૭ અન્વયેનું અનુમાન ઉપસ્થિત થાય છે અને તે અન્વયે આરોપીને તે નોટીસ મળી ગયેલ હોવાનું તારણ કરવાનું રહે છે. વધુમાં નામ.સુપ્રીમ કોર્ટે તેવું પણ પ્રસ્થાપિત કરેલ છે કે, હાલની જોગવાઈનો કાયદાનો હેતુ ઘ્યાને રાખી હળવો અભિગમ દાખવવાનો રહે છે અને જો કોઈ ચેકના ડ્રોઅર તેને કાનુની નોટીસ

મળેલ ન હોવાનો બચાવ લઈને આવે ત્યારે આ સંજોગોમાં ફરીયાદનો સમન્સ તેને મળ્યેથી દિન–૧૫ માં સમન્સ અથવા ફરીયાદની કોપી લઈ અદાલતમાં હાજર રહી જો તે રીટર્ન થયેલ ચેકના નાણાં ફરીયાદીને ચુકવી ન આપે અથવા ફરીયાદીને ચુકવવાના હેતુથી કોર્ટમાં જમા ન કરાવે, તો ટ્રાયલ દરમ્યાન નોટીસની બજવણી થયેલ ન હોવાનો બચાવ લેવા તે ચેકના ડ્રોઅરને અધિકાર રહેતો નથી. હાલના કેસમાં પણ તે હકીકત સ્પષ્ટ છે કે ફરીયાદીએ આરોપીના સાચા અને ખરા સરનામે સમયમર્યાદામાં નોટીસ મોકલેલ છે જેથી પ્રથમ દૃષ્ટિએ નામ.સુપ્રીમ કોર્ટ ધ્વારા પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા ફરીયાદી એકટની કલમ:૧૩૮(બી)ની જોગવાઈ અનુસાર પોતાની ફરજ અદા કરેલ છે. વધુમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ:૧૧૪ સાથે વંચાણે લેતાં જનરલ કલોઝીસ એકટની કલમ:૨૭ ની જોગવાઈ ધ્યાને લેતાં ફરીયાદી ધ્વારા મોકલવામાં આવેલ કાનુની નોટીસ રુટીન કોર્સ ઓફ બીઝનેશમાં આરોપીના સાચા અને ખરા સરનામે જ બજવણી થયેલ હશે તે હકીકતનું અનુમાન કરવાનું રહે છે. આ કામે પણ ફરીયાદીએ આરોપીને ઈસ્યુ કરેલ નોટીસમાં જણાવેલ સરનામું આરોપીનું ખોટું સરનામું હોવાનો કોઈ બચાવ લીધેલ નથી તેમજ નામ.સુપ્રીમ કોર્ટ ધ્વારા ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ આ ફરીયાદના સમન્સ મળ્યેથી દિન–૧૫ માં આ કામના આરોપીઓએ અત્રેની અદાલતમાં હાજર રહી રીટર્ન થયેલ ચેકની રકમ ફરીયાદીને ચુકવવાના હેતુસર અદાલતમાં જમા કરાવેલ નથી કે ફરીયાદીને ચુકવેલ નથી, જેથી હાલના તબકકે આરોપીને કાનુની નોટીસની બજવણી થયેલ ન હોવાનો બચાવ લેવા અધિકાર રહેતો નથી.

(૯.૨) વધુમાં,આરોપીપક્ષે એવો બચાવ લેવામાં આવેલ છે કે, **'' ફરીયાદીનું આરોપી સામે કોઈ કાયદેસરનું લેણું બાકી નથી કે તેવા કાયદેસરના બાકી લેણાં પેટેના ચેકો નથી. આરોપીના અગાઉના વ્યવહાર પેટેના ફરીયાદી**

**પાસે પડી રહેલા સહીવાળા કોરા ચેકોનો દુરૂઉપયોગ કરી હાલની ખોટી ફરીયાદ કરેલ છે.''**

આરોપીપક્ષે લેવામાં આવેલ ઉપરોકત બચાવ અન્વયે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લેતાં, સૌપ્રથમ તો હાલના કામના પક્ષકારો વચ્ચે વેપારી સબંધો હોવાની હકીકતો રેકર્ડ સ્વીકૃત અને બિનતકરારી હકીકત છે. તેમજ ખુદ આરોપીએ ઉલટતપાસમાં લેવામાં આવેલ ઉપરોકત તકરારને ધ્યાને લેતાં એ હકીકત પણ સ્પષ્ટ બને છે કે સદર તકરારી ચેકો આરોપી ધ્વારા જ નિભાવવામાં આવતા ખાતાના ચેકો છે અને આરોપી ધ્વારા જ જે-તે સમયે ફરીયાદીની તરફેણમાં ઈસ્યુ કરેલ હતા. હવે, જો હાલના ફરીયાદી સાથેના ધંધાકીય વ્યવહારમાં અગાઉ આવા કોઈ ચેકો આપેલા હોય અને તેવા ચેકો ફરીયાદી પાસે પડી રહેલ હોવાની હકીકત પ્રથમથી જ આરોપીની જાણમાં હોવા છતાં આરોપીએ ચેકો પરત મેળવવાની અથવા તેનો ઉપયોગ ન કરવા માટે જાણ કરવા સહીતની કોઈ કાર્યવાહી શા માટે કરેલ નથી ? તે અંગે કોઈ જ વ્યાજબી ખુલાસો કરવામાં આવેલ નથી. જો આરોપી ઈચ્છતા તો આવા ચેકો પરત મેળવી શકતા હતા અથવા તો આવા ચેકનો ઉપયોગ ન કરવા માટે લ ેખિતમાં ફરીયાદીને જાણ કરી શકયા હોત પરંતુ તેવી કોઈ જ કાર્યવાહીને હાલના આરોપી અનુસરેલા નથી. વળી, પોતાના ખાતાના ચેકનો ઉપયોગ થયેલ હોવાની જાણ થયા બાદ પણ હાલના ફરીયાદી વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કે અન્ય કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેથી વિશેષ, ફરીયાદીએ આપેલ ડિમાન્ડ નોટિસનો જવાબ આપવાની પણ દરકાર લેવામાં આવેલ નથી. વધુમાં, આરોપીપક્ષે કોઈ હિસાબી આધાર-પુરાવાઓ રજુ કરીને ફરીયાદી સાથેના નાણાં કીય વ્યવહારો પૂર્ણ કરેલ હોવા છતાં તેમના ચેકનો ઉપયોગ કરેલ હોવા સબબની કોઈ જ સમર્થનકારી હકીકત લેખિત -મૌખિક પુરાવા થકી રેકર્ડ ઉપર લાવી શકેલા

નથી. વધુમાં, ચેકમાં આરોપીની જ સહી હોવાની હકીકત ફલિત થયેલ હોય ત્યારે ચેકમાંની અન્ય વિગતો આરોપીએ જાતે ભરેલ ન હોય તેટલા માત્ર કારણથી ચેક કાયદેસરના લેણાં પેટે ઈસ્યુ કરવામાં આવેલ ન હોવાનું માનવાને કારણ રહેતું નથી. ત્યારે ચેકમાં માત્ર સહી જ મહત્વની છે. ચેકમાંનાં અન્ય વિગતોના બોડી રાઈટીંગ કોના છે તેનું વિશેષ મહત્વની નથી. આ તબક્કે **નામદાર સુપ્રિમ કોર્ટનાં Bir singh V/s. Mukesh Kumar ૨૦૧૯(૧) જીએલએચ ૩૩૮ (એસસી),** ચુકાદાનાં પેરા ૩૬, ૩૭, ૩૮, ૩૯,૪૦ ને ટાંકવાનુ જરૂરી જણાય છે.

Para 36. The proposition of law which emerges from the judgments referred to above is that the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.

Para 37. A meaningful reading of the provisions of the Negotiable Instrument Act including, in particular, Section 20, 87and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is

duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

Para 38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.

Para 39. It is not the case of the respondent–accused that he either signed the cheque or parted with it under any threat or coercion. Nor is it the case of the respondent–accused that the unfilled signed cheque had been stolen. The existence of a fiduciary relationship between the payee of a cheque and its drawer, would not disentitle the payee to the benefit of the presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of evidence of exercise of undue influence or coercion. The second question is also answered in the negative.

Para 40. Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent

evidence to show that the cheque was not issued in discharge of a debt.

આમ, ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ સાથે, હાલના કેસની હકીકતને ધ્યાને લેવામાં આવે તો, તકરારી ચેકમાં આરોપીની સહી હોવાની હકીકત સ્વીકૃત હકીકત છે. ચેકના બોડી રાઈટીંગ ચેકના લખનારે જ લખવાના તેવો કાયદાનો કોઈ આદેશાત્મક નિયમ નથી. નામદાર સુપ્રિમ કોર્ટના તથા નામદાર હાઈકોર્ટના વિવિધ ચુકાદા થકી એ પ્રસ્થાપિત થયેલ છે કે, ચેકના લખનાર એક વખત પોતાની સહી કરી ચેકના ધારણકર્તાને ચેક આપે ત્યારે ચેકના બોડી રાઈટીંગ ચેકનાં ધારણકર્તાને એકટ–ની કલમ–૨૦ હેઠળ લખવાની સત્તા આપેલ હોવાનુ કહેવાય. પરંતુ, ચેકના લખનારે જે રકમ ઈન્સ્ટ્રુમેન્ટ હેઠળ આપવાનું નકકી કરેલ હોય કે સંમતિ દર્શાવેલ હોય તે રકમ ચેકના ધારણકર્તાએ લખવાની રહે છે. આ કામે બચાવપક્ષે ''પ્રિ–પ્રોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટી'' થકી અથવા તો પુરાવા થકી રેકર્ડ ઉપર એવી કોઈ હકીકત રજુ કરેલ નથી કે જેથી ચેકના લખનાર(આરોપીએ) તકરારી ચેક થકી જે રકમ આપવા સંમતિ દર્શાવેલ હોય અથવા તો આપવાનું નકકી કરેલ હોય તેનાથી વધુ રકમ તકરારી ચેકમાં લખવામાં આવેલ છે. ફરીયાદવાળો ચેક કાયદેસરના બાકી લેણાં કરતાં વધુ રકમના હોવાનો બચાવ લેવામાં આવેલ નથી કે તેવી કોઈ હકીકત પણ આરોપીપક્ષ ''પ્રિ–પ્રોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટી''થકી અથવા પૂરાવો રજુ કરીને પુરવાર કરી શકેલા નથી.જેથી, આરોપીના પડી રહેલા ચેકમાં ફરીયાદીએ જાતે તારીખ લખીને ચેકનો દુરૂઉપયોગ કરેલ હોવાની બચાવપક્ષની ઉપરોકત દલીલ ટકી શકે તેમ નથી.

(૧૦) આમ, આ કામે રજુ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં, ફરીયાદવાળા ચેકો આરોપી ધ્વારા નિભાવવામાં આવતા ખાતાના હોવાની અને તેમાં આરોપીની પોતાની સહી

હોવાની હકીકત સ્વીકૃત હકીકત છે. આ કામે, આરોપીપક્ષે લીધેલ વિવિધ બચાવો ''પ્રિ–પ્રોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટી'' થકી અથવા પુરાવો રજુ કરીને પુરવાર કરી શકેલા નથી. એકટની કલમ–૧૩૮ ને ધ્યાને લેતાં જયારે ચેક સહી કરીને ઈસ્યુ કરવામાં આવે ત્યારે તે ચેક કાયદેસરના બાકી લેણાંની પૂર્ણ કે અંશત: ચુકવણી માટે અથવા તો અન્ય કોઈ જવાબદારી માટે આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે અને જયાં સુધી આરોપીપક્ષ તેથી વિરૂધ્ધની હકીકત પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધના કાનુની અનુમાન જેમના તેમ અસ્તિત્વમાં રહે છે. આ કામે આરોપીપક્ષ ધ્વારા ફરીયાદીની ઉલટતપાસ થકી કે પોતે પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉત્પન્ન કરવામાં નિષ્ફળ નિવડેલા છે. આરોપી ધ્વારા માત્ર ને માત્ર મૌખિક બચાવો લેવામાં આવેલ છે પરંતુ તેવા બચાવોને રેકર્ડ ઉપર પુરવાર કરવામાં આરોપી સફળ રહેલા નથી. તકરારી ચેકમાં આરોપીની પોતાની સહી હોવાની હકીકત પુરવાર થયેલ છે.તેમજ ફરીયાદવાળો ચેક દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ ન હોવાની હકીકત ''પ્રિ–પ્રોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટી'' થકી અથવા તો પુરાવો આપી પુરવાર કરવામાં આરોપી નિષ્ફળ નિવડેલ છે. જેથી, આરોપી એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ હેઠળનાં અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

આમ, ફરીયાદપક્ષ (૧) ફરીયાદવાળા ચેકો આરોપી ધ્વારા નિભાવવામાં આવતા ખાતાના પોતાની તરફેણમાં આપેલ હોવાની હકીકત (ર) ફરીયાદવાળા ચેકો વણચુકવાયે પરત ફરેલ હોવાની હકીકત તથા (૩) એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮(બી) અન્વયે નોટિસ નિયત સમય મર્યાદામાં આપેલ હોવા છતાં, ફરીયાદવાળા ચેકના નાણાં આરોપીએ દિન–૧૫ માં ચુકવી આપેલ ન હોવાની હકીકત પુરવાર કરવામાં સફળ રહેલ છે. જેથી, ફરીયાદપક્ષે એકટ–૧૮૮૧ની

કલમ–૧૩૮ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવવા માટે જરૂરી આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરેલ હોય, તેમજ આરોપી એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૯ અન્વયેનાં અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, **મુદ્દા નં.૧** નો જવાબ '' **હકારમાં** '' આપવામાં આવે છે. આમ, ઉપરોકત તમામ કારણોસર હાલના ગુન્હાના કામે આ કામના આરોપીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળના ગુન્હામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૧ લી, માહે:ઓકટોબર,સને.૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૧–૧૦–૨૦૨૫

સ્થળ:અમદાવાદ.

**( કિરીટકુમાર બી.વાઘેલા )**
૨૦ માં એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, ને.ઈ.એકટની કોર્ટ નં.૩૦
(**GJ01142**)

**અહીંથી આરોપીને સજા અંગે સાંભળવા રાખવામાં આવેલ છે.**

**(૧૧).** આરોપીપક્ષના વિ.વકીલશ્રી હાજર છે, આ કામના આરોપી હાજર છે. સજા સંદર્ભે આરોપીના વિ.વકીલશ્રીનાઓની રજુઆત છે કે,આરોપીની આર્થિક પરિસ્થિતિ સારી નથી,આરોપી ઘર પરિવારવાળા છે, સઘળા પરિવારની જવાબદારી આરોપીના શિરે છે. આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી, પ્રથમ વખતનો ગુન્હો છે. જેથી આરોપી ઉપર દયા કરી ઓછામાં ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે.

ફરીયાદપક્ષે વિ.વકીલશ્રીનાઓની રજુઆત છે કે, ફરીયાદપક્ષે કેસ પુરવાર કરેલ છે, પક્ષકારો વચ્ચે વેપારી ધોરણે થયેલ વ્યવહાર છે, આરોપીના કારણે ફરીયાદીને આર્થિક નુકશાન થયેલ છે તેમજ હાલની સમગ્ર કાર્યવાહીમાં ભાગ લેવાની ફરજ પડેલ છે. સમાજમાં દિન પ્રતિદિન આવા ગુન્હાઓનું પ્રમાણ વધી રહેલ છે. જેથી સમાજમાં દાખલો બેસે તે સારૂં પણ હાલના કેસમાં

મહત્તમ સજા કરવા અને વળતર અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

બંને પક્ષની રજુઆત ધ્યાને લીધી. હાલનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. નામ.સુપ્રિમ કોર્ટના વિવિધ ચુકાદાઓમા આપવામાં આવેલ ગાઈડલાઈનને ધ્યાને લેતાં તથા પક્ષકારો વચ્ચેના વ્યવહારની હકીકતો ધ્યાને લેતાં ચેકની રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવે તથા યોગ્ય સજાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતું સરે તેમ હોવાનું અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે.

ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૮૮૧ ની કલમ-૧૩૮ની પીનલ પ્રોવિઝનને ધ્યાને લેતા તથા આરોપીની રજુઆત ધ્યાને લેતાં, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમ**

(૧). આ કામના આરોપી વૃક્ષસ રજનીકાંત પંચોલી, ઠે.-ઈ/૩૦૨,શાલીગ્રામ ફલોરા, સંગીની બંગ્લોઝ પાસે, થલતેજ, અમદાવાદનાઓને ક્રિમીનલ પ્રોસિઝર કોડની કલમ-૨૫૫(૨) અન્વયે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૮૮૧ની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી,**૧(એક)વર્ષની** સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં, ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ-૩૫૭ અન્વયે ફરીયાદીને ફરીયાદવાળા ચેકોની કુલ રકમ રૂા.૩,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) ની રકમ આજની તારીખથી વળતર પેટે દિન-૬૦ મા ચુકવી આપવાનો આરોપીને આદેશ કરવામાં આવે છે. આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો, વધુ **૩(ત્રણ)**માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪). આરોપીને ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ–૩૬૩ અન્વયે ચુકાદાની એક નકલ વિનામૂલ્યે તાત્કાલીક પુરી પાડવી.

હુકમ આજરોજ તા.૦૧ લી, માહે:ઓકટોબર, સને.૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૧–૧૦–૨૦૨૫ **( કિરીટકુમાર બી.વાઘેલા )**
સ્થળ:અમદાવાદ. ૨૦ માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, ને.ઈ.એકટની કોર્ટ નં.૩૦
(**GJ01142**)

**–હિતકિરણકુમાર,પી.એ.(ગુજ.સ્ટેનોગ્રાફર)**